CRMA-S/93/2014
JUDGEMENT

અમદાવાદ(ગ્રામ્ય)જિલ્લાનાં સેશન્સ જજશ્રીની અદાલતમાં,

ક્રીમીનલ પરચુરણ અરજી નં.૯૩/૨૦૧૪

અરજદાર: ધર્મપ્રકાશ જમનાશંકર શર્મા,
રહે:૪૦૨,શ્રી પંચવીલા ટાવર,
ભુયંગદેવ, અમદાવાદ

વિ.

સામાવાળા: સરકારશ્રી

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી એચ. ડી. વ્યાસ
સરકારશ્રી તરફે વિધ્વાન પી.પી.શ્રી પી એમ. ત્રીવેદી

:: ચૂકાદો ::

૧. આ કામના અરજદારે ક્રી.પ.અ.નં.૧૯૬૧/૧૩ ના કામે તા.૨૩.૧૦.૧૩ ના રોજ થયેલ હુકમ અન્વયે પોતાનો પાસપોર્ટ નં.કે.૫૮૬૭૫૫૩ રીન્યુ કરાવવા માટે પરત મેળવેલો તે પાસપોર્ટ ત્રણ મહીનાના સમય ગાળામાં રીન્યુ કરાવી પરત જમા કરાવવાનો હતો, પરંતુ પાસપોર્ટ રીન્યુ કરાવવાની કાર્યવાહી માટે વધુ એક માસનો સમય વધારી આપવા સંદર્ભે હાલની આ અરજી અત્રેની અદાલતમાં કરવામાં આવેલ છે.

૨. આ કામના અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રીની એવી રજુઆત છે કે અરજદાર સામે ભાટલોડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૫૬/૧૨ થી ફરિયાદ થયેલ, જેનો ક્રીમીનલ કેસ નં.૭૧૪૦/૧૨ પડેલ છે, તે કામે અદાલત ધ્વારા તા.૨૦.૩.૧૨ ના રોજ જામીન ઉપર મુકત કરવામાં આવેલછે, અને અરજદારનો પાસપોર્ટ નં.જી.૫૮૬૭૫૫૩ તા.૭.૧૧.૧૨ નો સેફ કસ્ટડી નં.૯૦/૧૨ થી જમા કરવામાં આવેલ, ત્યારબાદ અરજદારે પાસપોર્ટ રીન્યુ કરાવવા

માટે તા.૧૯.૧૦.૧૩ ના રોજ ક્રી.પ.અ.નં.૧૯૬૧/૧૩ થી અરજી કરેલ, અને અત્રેની અદાલત ધ્વારા તા.૨૩.૧૦.૧૩ ના રોજ ત્રણ માસની અંદર પાસપોર્ટ રીન્દુ કરાવી પરત જમા કરાવવા આદેશ કરેલો. પરંતુ સદરહુ હુકમની સમય મર્યાદામાં પાસપોર્ટ રીન્યુ કરાવી શકેલ નથી, અને તેઓને ધંધાકીય કામે ભવિષ્યમાં વિદેશ જવાનું થાય તેમ છે અને તેથી પાસપોર્ટ રીન્યુ કરાવવા માટે વધુ એક માસ જેટલો સમય વધારી આપવા વિનંતી કરેલ છે. તેઓની વિશેષમાં રજુઆત છે કે અરજદારે તેમની અરજીનાં સમર્થનમાં પોતાની એફીડેવીટ રજુ કરેલ છે તે પણ લક્ષમાં લઈ અરજીમાં માગ્યા મુજબનો એક માસનો સમય વધારી આપવા રજુ આત કરેલ છે.

૩. અરજદાર તરફેની અરજીનો પ્રતિકાર કરતા વિધ્વાન પી.પી.શ્રીની એવી રજુઆત છે કે ત્રણ માસનો પાસપોર્ટ રીન્યુ કરાવવા માટે આપેલો સમય વ્યાજબી હતો, પરંતુ તે સમય દરમ્યાન પાસપોર્ટ રીન્યુ કરાવી શકેલ નથી, તે સંજોગોમાં નામદાર અદાલતને યોગ્ય લાગે તેવો હુકમ કરવા વિનંતી છે.

:: હુકમ ::

૪. બન્ને પક્ષ તરફેની રજુઆત ધ્યાને લેતા, તેમજ વધુમાં અરજદારે રજુ કરેલ એફીડેવીટ વંચાણે લેતા જણાઈ આવે છે કે તેઓએ પાસપોર્ટ રીન્યુ કરવા માટે પરત મેળવ્યા બાદ તા.૧૧.૧૧.૧૩ ના રોજ પાસપોર્ટ ઓફીસે જઈ માહિતી મેળવેલ, અને ત્યારબાદ તા.૨.૧૨.૧૩ ના રોજ પાસપોર્ટ કચેરીમાં રીન્યુ કરાવવા ગયેલછે, પરંતુ તે દિવસે પાસપોર્ટ રીન્યુ કરવા જમા કરાવી શકેલા નહીં, ત્યારબાદ તા.૨૦.૧.૧૪ ના રોજ પણ પાસપોર્ટ ઓફીસે પાસપોર્ટ રીન્યુ કરાવવા ગયેલા, તેમ છતાં પાસપોર્ટ રીન્યુ કરાવવા આપી શકાયેલ નહીં, અને છેવટે તા.૨૨.૧.૧૪ ના રોજ પાસપોર્ટ ઓફીસમાં પાસપોર્ટ રીન્યુ કરાવવા આપેલછે, અને તે સંદર્ભે પાસપોર્ટ ઓફીસમાંથી સર્ટીફીકેટ આપેલછે, તે સર્ટીફીકેટની ઝેરોક્ષ તથા પાસપોર્ટ રીન્યુ કરવા સંદર્ભેની ફી રસીદની ઝેરોક્ષ આંક-૩ નાં લીસ્ટથી રજુ કરેલછે, તે વંચાણે લેતા અરજદારે પાસપોર્ટ રીન્યુ કરાવવા માટે પાસપોર્ટ ઓફીસમાં જમા કરાવેલ છે તે હકીકત ધ્યાને લેતા અરજદારે અરજીમાં માગ્યા મુજબ પાસપોર્ટ રીન્યુ કરાવવા માટે વધુ એક માસનો સમય વધારી આપવા માટે વ્યાજબી કારણ જણાય છે. આથી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

અરજદારને ક્રી.પ.અ.નં.૧૯૬૧/૧૩ ના કામે ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૫૬૭/૧૨, ઈ.પી.કોડ કલમ ૧૪૩,૧૪૮,૩૯૫,૨૯૪(ખ), ૫૦૬(૨),૪૨૭ તથા બી.પી.એકટ કલમ ૧૩૫(૧)ના ગુન્હાના કામે પાસપોર્ટ કે.૫૮૬૭૫૫૩ રીન્યુ કરાવવા માટે ત્રણ માસની સમય મર્યાદા માટે પરત કરવામાં આવેલ તે સમય મર્યાદામાં એક માસનો વધુ સમય વધારી આપવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રી.પ.અ.નં.૧૯૬૧/૧૩ ના કામે લાદવામાં આવેલી બીજી તમામ શરતો યથાવત રાખવામાં આવે છે. પરંતુ પાસપોર્ટ ઓફીસેથી પાસપોર્ટ અરજદાર પાસે આવે ત્યારથી બે દિવસની અંદર તે પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવાનો રહેશે, અને તેના પાલન માટેની બાહેંધરી આ હુકમની તારીખથી બે દિવસમાં રજુ કરવી.

આજરોજ તારીખ:૨૪ માહે જાન્યુઆરી ૨૦૧૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**(બી. એસ. ઠકકર)**
**[U.I.C. NO. GJ00108]**
**સેશન્સ જજ,અમદાવાદ(ગ્રામ્ય)**

એસ.આર.ઠકકર
પી.પી.એસ.